જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૩/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૦૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૨૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બીયરટીન, ૦૧ કાર અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૧૦/૨૦૨૬**

અમરાઈવાડીઃ સુનીલકુમાર સુરેશભાઈ પાલ (ઉ.વ.૩૯)(રહે.રાવજી પટેલની ચાલી, સત્યનારાયણનગર, અંકુર સ્કુલ સામે, અમરાઈવાડી) એ તા.૨૧/૦૩/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૩,૧૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૧૧/૨૦૨૬**

કારંજઃ નિલમબહેન વા/ઓ શ્રવણકુમાર સહગલ (ઉ.વ.૬૩)(રહે.શ્લોક હાઇટસ માનસરોવર રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૧૫ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન કારંજ લાલ દરવાજા ભદ્રકાળી માતાના મંદિરના કેમ્પસ ખાતે નિલમબહેનની નજર ચુકવી તેમના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/– મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી કે.કે.દેશમુખ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૪૧૨/૨૦૨૬**

ઘાટલોડીયાઃ પ્રીતિબહેન વા/ઓ પ્રકાશભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે, મનમંદીર સોસાયટી, રન્નાપાર્ક પાસે, ઘાટલોડીયા) તા.૨૦/૦૧/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં રસોઇ બનાવતા હતા ત્યારે વઘાર કરતી વખતે આગની જાળ અડી જતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને વૈષ્ણોદેવી સર્કલ કે.ડી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૩/૨૦૨૬ સાંજના ૪/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતભાઇ ભાઇલાલભાઇ ચલાવે છે.

પાંચમા માળેથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૪૧૩/૨૦૨૬**

શહેરકોટડાઃ નિખિલેશભાઈ મુકેશભાઈ વાણીયા (ઉ.વ.૨૮)(રહે.સુરભી એપાર્ટમેન્ટ, ઈંટવાડા સરસપુર) તા.૨૧/૦૩/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ફ્લેટના પાંચમા માળે અગાસી ઉપર બેસીને ફોન ઉપર વાત કરતા હતા દરમ્યાન નીચે પડી જતા શરીરે ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેમને મેમ્કો આનંદ સર્જીકલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૩૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશ્રામભાઇ સવજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૧૪/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સીટીઃ તેજલબહેન ડો/ઓ કાનાભાઇ રાઠોડ (ઉ.વ.૧૮)(રહે. મોડાદેવાનો વાસ, ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણોસર તા.૨૧/૦૩/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરના માળીયાના લાકડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

રામોલઃ (૧) રોશન મોતીલાલ ઓડ (ઉ.વ.૨૧)(રહે.લીબોડીવાસ, નવા કબીર મંદિર પાસે, ભરવાડ વાસની બાજુમા, વસ્ત્રાલ ગામ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૬ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બેડરૂમની છતની એંગલ સાથે રૂમાલ બાધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

રામોલઃ (૨) વસ્ત્રાલ સ્માર્ટ બજારની બાજુમાં તુલસી ગેલેક્સી ખાતે રહેતા મનેન્દ્રભાઈ ચૌધરી નાઓના ૧૪ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ જગજીવનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી